


## 'સાગર' રામોલિયાનાં પ્રકાશિત પુસ્તકો

(૧) 'ખોડલગીત' – માતાજીનાં ગીતોનો સંગ્રહ – નવે. ૧૯૯૮

(૨) 'દયાનંદગાથા' – સ્વામી દયાનંદ સરસ્વતીના જીવનનું અનુષ્ટુપ છંદમાં ૧૦૦૦ પંક્તિઓનું દીર્ઘકાવ્ય – ડિસે. ૧૯૯૮

(૩) 'મારી બલા' – હઝલસંગ્રહ – મે, ૨૦૦૨

(૪) 'અંતાક્ષરી જોડકણાં' – બાળજોડકણાં – જૂન, ૨૦૦૪

(૫) 'હરખાનો હલવો' – બાળવાર્તાઓ – નવે. ૨૦૦૪

(૬) 'સરદારનું ગીત' – ૨૭૦૦ પંક્તિઓનું, અનુષ્ટુપ છંદમાં, સરદાર પટેલના જીવનનું દીર્ઘકાવ્ય – ઓક્ટો. ૨૦૦૬

(૭) 'વિધવા' – ૧૯૦૦ પંક્તિઓનું, ગુજરાતી ગીતોના રાગમાં, સામાજિક દીર્ઘકાવ્ય – ઓક્ટો. ૨૦૦૬

(૮) 'કાબેલ કાબર' – બાળવાર્તાઓ – ૨૦૦૯, ૨૦૧૩

(૯) 'અન્નબગાડ મહાપાપ' – અન્ન વિષયક ચિંતન – ૨૦૧૩

(૧૦) 'જનરલ નોલેજ જોડકણાં' – સા.જ્ઞાનના જોડકણાં – ૨૦૧૩

(૧૧ થી ૨૧) 'કુતૂહલ' ભાગ ૧ થી ૧૧ – ૨૦૧૩
(સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગી દીર્ઘજવાબી પ્રશ્નો)

(૨૨) 'મા! મારે ઊડવું છે!' – ઉત્સાહપ્રેરક ચિંતનવાર્તા – ૨૦૧૩

(૨૩) 'દિવ્યકાંત પટેલ : એક પ્રેરક વ્યક્તિત્વ' – ૨૦૧૪

(૨૪) 'સરદારના પ્રેરકપ્રસંગો' – ૨૦૧૪

(૨૫) 'ખમીરવંતો પટેલપરિવાર' – ૨૦૧૪

(૨૬) 'ગઝલ-હઝલની જોડી' – ૨૦૧૫

(૨૭) 'દરિયો' (૨૫૧ કંડિકાનું દીર્ઘ-મોનોઈમેજ) – જાન્યુ. ૨૦૧૮

(૨૮) 'અમે તો કારીગર' (બાળગીતો) – મે, ૨૦૧૯

વિશેષ : રામકથા અને ભાગવતકથાની જેમ સંગીતમય ત્રણ દિવસનું આયોજન થઈ શકે તેવી 'શ્રી સરદાર વલ્લભકથા' અને 'શ્રી ખોડિયારકથા'

AME TO KARIGAR
A Collection Of ChildSongs
By 'Sagar' Ramolia

ISBN : 978-93-5361-657-1
(C) 'સાગર' રામોલિયા
પૃષ્ઠ સંખ્યા : ૪૮
પ્રથમ આવૃત્તિ : મે, ૨૦૧૯
પ્રત : ૫૦૦
**મૂલ્ય : વિના મૂલ્યે**

ગુજરાત સાહિત્ય અકાદમી

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની આર્થિક સહાયથી પ્રકાશિત

પ્રકાશક-વિતરક-આવરણ :
'સાગર' રામોલિયા
૧૧૦-એફ, ઓશવાળ-૩ સોસાયટી, શેરી નં. ૨,
એરફોર્સ-૨ રોડ, જામનગર-૩૬૧૦૦૬ મો. ૯૯૯૮૯૭૧૮૨૩

મુદ્રક :
સાગર રામોલિયા
૧૧૦-એફ, ઓશવાળ-૩, શેરી નં. ૨, આહિર સમાજ રોડ, જામનગર

: ક્ષમાપના :

જેમની રચનાઓનો રાગ લીધો છે
એવા રચયિતાઓ અને સંગીતકારો-ગાયકોની






## અનુક્રમણિકા


| ક્રમ | રચના | પા.નં. |
|---|---|---|
| ૦૧. | ખેડૂત | ૦૪ |
| ૦૨. | કુંભાર | ૦૬ |
| ૦૩. | સુથાર | ૦૮ |
| ૦૪. | લુહાર | ૧૦ |
| ૦૫. | કડિયો | ૧૨ |
| ૦૬. | માળી | ૧૪ |
| ૦૭. | જાદુગર | ૧૬ |
| ૦૮. | ધોબી | ૧૮ |
| ૦૯. | મોચી | ૨૦ |
| ૧૦. | નટ-બજાણિયા | ૨૨ |
| ૧૧. | મદારી | ૨૪ |
| ૧૨. | પૂજારી | ૨૬ |
| ૧૩. | વાળંદ | ૨૮ |
| ૧૪. | શાકવાળો | ૩૦ |
| ૧૫. | ગોવાળ | ૩૨ |
| ૧૬. | સૈનિક | ૩૪ |
| ૧૭. | કંદોઈ | ૩૬ |
| ૧૮. | ડ્રાયવર | ૩૮ |
| ૧૯. | પોલીસ | ૪૦ |
| ૨૦. | પંડિતજી | ૪૨ |
| ૨૧. | ચિત્રકાર | ૪૪ |
| ૨૨. | શિક્ષક | ૪૬ |
| ૨૩. | સૌથી મોટો કારીગર | ૪૮ |

# ખેડૂત

(રાગ : જામ્યો કારીગરનો મેળો)







ચાલ્યા ખેડૂતભાઈ ખેતરે. (૨)

ગાડું લીધું, બળદ જોડયા, હાથમાં લીધી રાશ, (૨)
મુખેથી સીટી વગાડી મોજ કેવી કરે! ચાલ્યા...

ખેતરે જઈ હળ નાડયું, આથમાં લીધી લાકડી, (૨)
ખેતરને ખેડીખેડીને હોંશે કેવા ફરે! ચાલ્યા...

ઊલટ-સૂલટ ભૂમિ કરે, ફરતે બાંધે પાળ, (૨)
ખેતતલાવડી ખોદીને પાણી કેવું ભરે! ચાલ્યા...

વરસાદ આવ્યો, વાવણી કરી, ખેતર લીલુંછમ્મ, (૨)
નીંદણ કાઢવા ખુદ મથે, બળદો કેવા ચરે! ચાલ્યા...

ટાઢ-તાપ સહી તેઓ પાકનું કરે રક્ષણ, (૨)
પાક સારો પકવવા ધીરજ કેવી ધરે! ચાલ્યા...

પાક પાકયો કાપણી કરે હાથમાં દાતરડું લઈ, (૨)
ડૂંડીમાંથી દાણે-દાણે સોનું કેવું ખરે! ચાલ્યા...

ઘોડીએ ચડી અનાજ વાવલે ફોતરાં કરે જુદાં, (૨)
દાણો જોઈને ગુણો ભરી લાવે કેવી ઘરે! ચાલ્યા...

મહેનત કરી પરસેવો પાડી દાણો પેદા કર્યો, (૨)
અન્નની સમસ્યા આમ તેઓ કેવી હરે! ચાલ્યા...

## કુંભાર

(રાગ : રોજ નિશાળે જઈએ, અમે રોજ નિશાળે જઈએ)







રોજ વગડામાં જાય, એ રોજ વગડામાં જાય,
ગધ્ધું-પાવડો સાથે લઈને રસ્તે હાલતા થાય, (૨)
રોજ વગડામાં......

જમીન-માટી ખોદી-ખોદીને ખાડો ઊંડો કરે,
સારી માટી ભેગી કરીને કોથળામાં તેઓ ભરે;
કોથળો ગધ્ધા ઉપર લાદી ઘરે પાછા ફરાય, (૨)
રોજ વગડામાં......

કાંકરા-કચરો કાઢી-કાઢીને માટીને ખૂબ મસળે,
પાણી નાખી પગ-પાવડાથી ખૂબ જ ખૂંદી વળે;
પોચો-લીસો ગારો બનાવી ચાકડે એ મૂકાય, (૨)
રોજ વગડામાં......

ચાકડે નવા ઘાટ આપીને નવાં-નવાં નામ આપે,
ગોળો, માટલી જેવાં વાસણમાં નવી રંગોળી છાપે;
કુંભારભાઈ માટીકળાના કાબેલ કેવા ગણાય; (૨)
રોજ વગડામાં......

# સુથાર

(રાગ : વડદાદાની લાંબી દાઢી)








સુથારભાઈ લાવ્યા કરવત, (૨)
એના ઝીણા-ઝીણા દાંતા, (૨) ભાઈ, ઝીણા...
લાકડું રૂડું કાપતાં-કાપતાં, (૨)
મુખેથી મલકાતા, (૨) ભાઈ, મુખેથી...

બારી-બારણાંને આપે ઘાટ, (૨)
કરે સુંદર કોતરકામ, (૨) ભાઈ, સુંદર...
ફર્નિચરમાં એ ખૂબ કાબેલ, (૨)
દીપાવતા નિજનું નામ, (૨) ભાઈ, દીપાવતા...

કરવત કાપે, રંધો કરે લીસું, (૨)
પેલું વીંધણું પાડે કાણાં, (૨) ભાઈ, વીંધણું...
ચીવટથી ખૂબ કામ કરે, (૨)
એવાં સુથારભાઈનાં ગાણાં, (૨) ભાઈ, સુથાર...

# લુહાર

(રાગ : તું અહિંયા રમવા આવ, મજાની ખિસકોલી)







આજ લઈ એરણ ને ઘણ, લોખંડને ટીપે છે,
લુહારભાઈ હાંકે ધમણ, લોખંડને ટીપે છે.

લઈ પટ્ટીઓ ને મારે બોલ, લોખંડને ટીપે છે,
બનાવે પલંગ અણમોલ, લોખંડને ટીપે છે.

કદી' પટ્ટી વાળે ગોળાકાર, લોખંડને ટીપે છે,
દાતરડું બને ધારદાર, લોખંડને ટીપે છે.

કદી' બનાવે મજાની ગાડી, લોખંડને ટીપે છે,
વળી કદી' બનાવે કુહાડી, લોખંડને ટીપે છે.


એ હળની બનાવતા કોશ, લોખંડને ટીપે છે,
ખેડૂતને આપતા સંતોષ, લોખંડને ટીપે છે.

લોખંડથી એનો પનારો, લોખંડને ટીપે છે,
કરે મે'નતથી ગુજારો, લોખંડને ટીપે છે.

આજ લઈ એરણ ને ઘણ, લોખંડને ટીપે છે,
લુહારભાઈ હાંકે ધમણ, લોખંડને ટીપે છે.

# કડિયો

(રાગ : ચોખ્ખું ઘરનું આંગણું)







સિમેન્ટમાં નાખે પાણી,
એનો બનાવે કેલ;
કડિયાભાઈના હાથે,
બને મેડી-મહેલ.

સિમેન્ટ ને ઈંટો થકી,
દીવાલ ચણાતી જાય;
દીવાલ ને છાપરાથી,
ઘર મજાનું ચણાય.

ઘર છે સૌનો આશરો,
ઘરમાં સલામતી;
આમ કડિયાભાઈ થકી,
સેવા સુંદર થતી.

# માળી

(રાગ : ચાલો ચાલોને રમીએ હોડી હોડી)







માળીભાઈ ભરી લાવે ફૂલની ઝોળી,
ફૂલો ભરી છલકાવે ફૂલની ઝોળી.

પાવડો ને કોદાળી લઈ બગીચામાં જાય,
કયારો બનાવે ભૂમિ ગોડી-ગોડી,
માળીભાઈ.....

ખાડે-ખાડે એ નવો છોડ વાવે,
ફૂલ આવે ને પામે ખુશી બહોળી,
માળીભાઈ.....

ખૂરપી લઈને છોડે-છોડે ફરે,
નકામો કચરો કાઢે ખોળી-ખોળી,
માળીભાઈ.....

કોઈ છોડ નબળો દેખાય તો,
ખાતર નાખે ને છોડ જાય કોળી,
માળીભાઈ.....

રૂડો બગીચો જાણે પરીઓનો દેશ છે,
આનંદથી રમે ત્યાં બાળટોળી,
માળીભાઈ.....

# જાદુગર

(રાગ : નાની મારી આંખ, એ જોતી કાંક કાંક)







જાદુગરના હાથ, કરામતમાં આપે સાથ,
એતો જાદુના ખેલ કેવા કરે છે!
હાથ વીંઝે લાકડી, પેટીમાંથી કાઢે માંકડી,
એતો લોકોનાં મન કેવાં હરે છે!

હાથમાં લઈ સૂતર, બનાવી દે કબૂતર,
ત્યાં તો નકલી ફૂલ કેવાં ખીલે છે!
મોટું કરે રહસ્ય, થઈ જાય એ અદશ્ય,
એની કળાને લોકો કેવા ઝીલે છે!

એવો મંત્ર ભાખે, માણસને ઊંચો રાખે,
એતો દોરી ઉપર કેવા ચડે છે!
ખેલ બતાવે ઝાઝા, ચહેરા કરી દે તાજા,
ત્યાં તો લોકોની તાળી કેવી પડે છે!

# ધોબી

(રાગ : મને આભલે ચમકતો ચાંદલો ગમે)







ઊંચા-નીચા ધોબીભાઈ હોંશથી ડોલે,
એતો 'સિયોરામ, સિયોરામ' મુખે બોલે,
ઊંચા...

શિયાળાની ઠંડી એના આવે ન તોલે,
એની મહેનત, એનાં રોમે-રોમે બોલે,
ઊંચા...

સોડા-પાવડરનાં પડીકાં ખોલે,
એને પાણીમાં નાખી હલાવે હોલે,
ઊંચા...

ચોમાસાની ઋતુમાં એતો ખૂબ ડોલે,
ત્યારે પાણીની છોળો કુદરતના મોલે,
ઊંચા...

વસ્ત્રો એવાં ધોવે એની ચમક બોલે,
એને જોનારા ચીવટનો ગુણ તોલે,
ઊંચા...

કામ કરીને આવે ઘેર હોલે-હોલે,
એતો થાકીને બેઠા-બેઠા ચડે ઝોલે,
ઊંચા...

# મોચી

(રાગ : ટીવી મારું બહુ રૂપાળું, નિત નિત જોવા બેસું)







મોચીભાઈ ચામડું લઈને કેવું રૂડું કાપે,
ગોળ-લાંબું કાપી-કાપીને આકાર કેવો આપે!

કદી' બૂટ કદી' ચંપલમાં દેખાડે કમાલ,
કદી' મોજડી બનાવે, આ સર્વ પગની ઢાલ.

હથોડી, ખીલી, રાંપી, પગું એના સાથીદાર,
લાલ-કાળા પોલિશની ડબી રાખે હારોહાર.

પોલિશ કરી બૂટ-ચંપલ એવાં તો ચમકાવે,
ચમકદાર કામ કરી સૌનાં મન હરખાવે.

# નટ-બજાણિયા

(રાગ : અમે નાનાં-નાનાં હરણાં)







કેવા નાચે નટ-બજાણિયા, (૨)
ઢમક ઢમક ઢમ ઢોલક વગાડે;
તંબૂ રૂડા તાણિયા, કેવા નાચે...

સામે-સામે વાંસ ખોડીને દોરડું એમાં બાંધતા,
હાથમાં લાંબો વાંસ રાખી તેના ઉપર ચાલતા;
એવો મજાનો ખેલ જોઈ, (૨)
તાળીઓથી વખાણિયા, કેવા નાચે...

હાથ-પગ-પેટ ઉપરનો ખેલ હિંમતથી કરતા,
જોખમનો ખેલ કરતાં પણ જરાયે ન ડરતા;
વાંસ ઉપર સીધા ચડે, (૨)
આવા ખેલ નિહાળિયા, કેવા નાચે...

# મદારી

(રાગ : રીંછ એકલું ફરવા ચાલ્યું, હાથમાં લીધી સોટી)







રીંછ એક હાથમાં પકડી આવે છે મદારી,
વાંદરાનાં નખરાં જોવા જામી ભીડ ભારી.

ઝૂકી-ઝૂકી મોરલી વગાડે, વગાડે છે ડમરું,
નોળિયાની ખેંચાખેંચી ખેંચાણ લાવે જબરું.

નાચ-કૂદ ખૂબ જોયાં, જુવો હવે મોટો સાપ,
મોરલીના સૂર સુણી ડોલે મસ્તક આપોઆપ.

રીંછ નાચે, વાંદરો નાચે,બાળકો મચાવે ધૂમ,
તાળીઓના વરસાદ સાથે કરે છે એ બૂમાબૂમ.


નાગદેવતાનાં દર્શન કરી સૌ જોડે હાથ,
પરચૂરણ-પૈસા નાખે જોનારા સાથોસાથ.

છોકરાં દોડે જાય ઘરે, વાટકો લોટ ભરે,
મદારીના ખેલની આમ ખુશી-ભેટ ધરે.

રીંછ-વાંદરા-નોળિયાને લઈ જાય છે મદારી,
બાળકોએ ઘરે જવા મોટી દોટ મારી.

# પૂજારી

(રાગ : વાયરા વનવગડામાં વાતા'તા)







પૂજારી ધ્યાન ધરીને બેઠા'તા,
પ્રભુ-પૂજા કરવા રે!
હાં રે એતો ધીમે-ધીમે મંત્રો ગાતા'તા,
પ્રભુ-પૂજા કરવા રે!

ધૂપ કરે, દીવડા કરે,
આરતી લઈને બધે ફરે;
હાં રે એતો પ્રભુ સામે ઊંચા-નીચા થાતા'તા,
પ્રભુ-પૂજા કરવા રે!

લોકો આવતા, પ્રસાદ દેતા,
ભક્તિ કેરી વાતો કહેતા;
હાં રે એતો પ્રભુધૂનમાં ડૂબી જાતા'તા,
પ્રભુ-પૂજા કરવા રે!

# વાળંદ

(રાગ : આ અમારું ઘર છે ને એમાં એક રસોડું છે)







એક હાથમાં કાંસકો ને બીજા હાથમાં કાતર છે,
વાળંદભાઈ કામ કરે ને ધ્યાન વાળ ઉપર છે.

દર્પણ સામે બેસાડે ને વાળ કેવા કાપે છે,
અસ્ત્રો લઈ હાથમાં ને સુંદર ઘાટ આપે છે.

કોઈના કાપે વાળ ને કોઈની દાઢી કરે છે,
વાળ હોય કે દાઢી એનો હાથ ઝટ ફરે છે.

કામ કરતાં-કરતાં અહીં વાતો કેવી થાય છે!
અલક-મલકની વાતોમાં ટાણું વીતતું જાય છે.

અસ્ત્રો-કાંસકો-દર્પણ-કાતર રોજના સાથી છે,
કદ સૌનું નાનું ભલેને, તેને મન તો હાથી છે.

આ વાણંદભાઈ છે જે એના હાથમાં કાતર છે.

# શાકવાળો

(રાગ : આવો પારેવાં ને આવો કબૂતરાં)







આવો બાયો ને આવો બેનડીઓ,
શાકવાળાની બૂમ પડી છે;
લેજો ઝૂમખડાં ને તૂરિયાંયે લેજો,
દૂધી પણ આ રૂપકડી છે.


ખરીદો તુવેર ને ભાજી ખરીદજો,
કોબીજ આ જાણે પાઘડી છે!
ભીંડો ને રીંગણું, મૂળો ને ડુંગળી,
ટમેટાંની છાલ રાતડી છે.

તાજી ફૂલકોબી ને સૂરણ છે મોટું,
ગુવારની સીંગ વાંકડી છે;
નિરાંતે લેજો ને સારું-સારું લેજો,
ચમકે ગાજરથી આંખડી છે.

ઓછું નહિ આવે, ખરાબ નહિ આવે,
શાકવાળાની એવી વાતડી છે;
તાજું-તાજું ખાજો ને તાજા-માજા રહેજો,
લીલોતરી એવી ફાંકડી છે.

# ગોવાળ

(રાગ : ઊગીને પૂર્વમાં આથમતા પશ્ચિમે)







કદી' ઊગમણે ને કદી' આથમણે,
ગોવાળભાઈ ગાયો ચારતાં જી રે!

હાથમાં છે લાકડી ને પાઘડી છે માથે,
પગરખાં ચળ-ચળ બોલતાં જી રે!

લાંબી-લાંબી છલાંગો ભરીને હાલતાં,
ગાયોને હાંકલાં પાડતાં જી રે!

આગળ તેઓ ને પાછળ ગાયો ચાલે,
કદી' ગાયો પાછળ ભાગતાં જી રે!

# સૈનિક

(રાગ : એક મજાનો માળો એમાં દસ ચકલીઓ રેતી'તી)







એક સૈનિકભાઈ એના હાથમાં બંદૂક ફૂટે છે,
હો... હો... હો... બંદૂક ફટ ફટ ફટ... (૨)

પહેલી ગોળીએ પ્રતિજ્ઞા કરે,
દેશ ખાતર જીવવું;
બીજીએ મન મજબૂત કરે, (૨)
દુશ્મનથી ન ડરવું, હો... હો... હો...

ત્રીજી ગોળીએ ત્રાગું કરે,
દુશ્મનને ભગાડવા;
ચોથીએ ચમચમ ચાબૂક ચોડે, (૨)
દેશનું રક્ષણ કરવા, હો... હો... હો...

પાંચમીએ પામે દુશ્મન હાર,
જીવ બચાવી ભાગે;
પાછળ છનછન ગોળી છૂટે, (૨)
પાણી પણ ન માગે, હો... હો... હો...

દેશ-ખાતર જીવે,
દેશ-ખાતર મરે, હો... હો... હો...

# કંદોઈ

(રાગ : પપ્પાજીએ રંગબેરંગી દસ કાગળિયા દીધા)







લોટ-પાણી ને ખાંડ-ઘી, ચીજો લઈને એવી,
કંદોઈભાઈ કળાથી મીઠાઈ બનાવે કેવી!

એક મીઠાઈ લાડુ એનો રંગ કેસરિયો,
દૂધમાંથી પેંડા કરી સફેદ રંગ ભરિયો.

કેસરી રંગની જલેબીનું ગૂંચળું છે ગોળ,
સફેદ-રંગી રસગુલ્લાં મોઢું કરે તરબોળ.

મેંગો-ચોકલેટ જેવી કરે બરફીઓ અનેક,
સોનપાપડીની પાપડીઓ છૂટી પડે એક-એક.

કથાઈ રંગનાં ગુલાબજાંબુ મીઠડો એનો રસ,
શિયાળામાં શક્તિ આપે અડદિયાનો કસ.

મોહનથાળનાં ચોસલાં એતો ઘીથી રહે તસબસતાં,
મગજ, બુંદી, મલાઈચાપ એવું ઘણું બનાવતા.

થાબડી, ઘારી, હલવો આવું ઘણું-ઘણું બનાવે,
મીઠાઈ બનાવવાની કળાથી સૌનાં મન લલચાવે.

# ડ્રાયવર

(રાગ : દુનિયા આખીમાં છે મારે ઘણું-ઘણું જોવાનું)







કદીક ધીમે કદીક ઝડપી
વાહનને હંકારે,
ડ્રાયવરભાઈ ટ્રાફિકના
નિયમોના સહારે.

લાલ બત્તી જોઈને તેઓ
વાહનને થોભાવે,
પીળી બત્તીથી તૈયાર થાય
ને લીલીએ ભગાવે.

રસ્તો બદલવામાં તેઓ
કરતા રહે ઈશારો,
કયારેક કયારેક કરતા
વળી બત્તીનો ઝબકારો.

રસ્તા પરનાં નિશાનોને
સતત નજરે રાખે,
આડું-અવળું વાહનને
કદી' કયાંય ન નાખે.

વાહન ચલાવવામાં તેઓ
બની જાય પાવરધા,
ખોટી રીતે કયાંય કદી'
કરે નહિ સ્પર્ધા.

# પોલીસ

(રાગ : જંગલ કેરાં પ્રાણીઓની છૂક છૂક ગાડી ચાલી)







પોલીસભાઈ સાવધાન રહી સૌનું રક્ષણ કરે, (૨)
ખબરદાર રહી સાવધાન રહી સૌનું રક્ષણ કરે. (૨)
પોલીસભાઈ... (૨)

કદમતાલ, ડાબે-જમણે કસરત કરતા જાય, (૨)
હલચલ ખોટી જણાય તો સાવધાન તરત થાય. (૨)
ચોર-લૂંટારા દેખાય તો એની પાછળ પડી જાય, (૨)
પોલીસભાઈના ધમધમાટથી ગુંડાઓય ગભરાય. (૨)
પોલીસભાઈ... (૨)

રાત-દિવસ જોયા વિના આમતેમ ફરતા જાય, (૨)
શાંતિ-ભંગ કરનારાને ઝટ પકડી લેવાય. (૨)
આડા-અવળા સંતાય તોયે પકડમાં આવી જાય, (૨)
જાનના જોખમે...(થોડું રોકાઈને) કદી' ન ગભરાય. (૨)
પોલીસભાઈ... (૨)

રસ્તા ઉપર ચાલે તો રસ્તો ધબ-ધબ થાય, (૨)
ખોટું કરનારા એનાથી ડરીને ભાગી જાય. (૨)
તહેવારોની ઊજવણીમાંય એનું કામ સોહાય, (૨)
ગમે તેટલી મહેનત કરે પણ આળસ ન દેખાય. (૨)
પોલીસભાઈ... (૨)

# પંડિતજી

(રાગ : વાદળ વાદળ વરસો પાણી)







સવારે જાગીને પંડિતજી રોજ, (૨)
સ્નાન કરીને પૂજા કરે. (૨) સવારે...

ટીપણું ખોલીને મુહૂર્ત જોતા, (૨)
આવનારને આનંદ દેતા. (૨)
શાંતિ માટેના યજ્ઞ કરે, (૨)
લોકોને મન શાંતિ ધરે. (૨) સવારે...

શુભ-પ્રસંગોની વિધિ કરે, (૨)
ઘણી જગ્યાએ કથા કરે, (૨)
સૌનાં મનમાં ઉત્સાહ ભરે, (૨)
સમાજમાં સંપની વાતો કરે. (૨)
સ્નાન... (૨)
સવારે... (૩)

# ચિત્રકાર

(રાગ : અમને વ્હાલું વ્હાલું લાગે ગાંધીબાપુ કેરું નામ)







જંગલ, નદી, આભ, પર્વત કેવાં દોરે ચિત્રકાર, (૨)
દોરે સૂર્ય, ચંદ્ર, તારા કુદરતી શણગાર. (૨)
જંગલ...

કદી' ફૂલ એવું દોરે જાણે સાચું ભારોભાર, (૨)
દોરે માણસને એવો, જાણે ખુદ એનો અવતાર. (૨)
જંગલ...

નાની-મોટી લઈ પીંછી ભરે રંગોનો દરબાર, (૨)
રંગો મિશ્ર કરી-કરી એ બનાવે શાનદાર. (૨)
જંગલ...

પીંછી-રંગની સાથે ભળે એની કલ્પના હારોહાર, (૨)
ચિત્ર એવું તો બનાવે, ચાંદ લગાવી દે ચાર. (૨)
જંગલ...

એતો ખુદને ભૂલી જતો ચિત્ર દોરવા ચિત્રકાર, (૨)
ત્યારે આબેહૂબ બનાવે કુદરતનો શણગાર. (૨)
જંગલ...

## શિક્ષક

(રાગ : પશ્ચિમમાં ગુજરાત છે, પૂર્વમાં બંગાળ છે)







હાથમાં પુસ્તક છે, મગજમાં એના જ્ઞાન છે, (૨)
નવું નવું શીખવું એ તો શિક્ષકની શાન છે. (૨)
હાથમાં...
નવું નવું...

કદી' કદી' વહાવે એ વાર્તાઓની સરવાણી, (૨)
કદી' ગીત-જોડકણાં ગાય બાળકોનાં મન જાણી. (૨)
કોઈપણ રીતે જ્ઞાન આપવામાં એનું ધ્યાન છે, (૨)
નવું નવું...
હાથમાં... નવું નવું...

ભાષા શીખવે, ગણિત શીખવે, શીખવે સમાજશાસ્ત્ર, (૨)
અવનવી યુક્તિઓ કરવી, એ જ તો એનું બ્રહ્માસ્ત્ર. (૨)
નબળું ન રહી જાય કોઈ, એ જ તો એનું ગાન છે, (૨)
નવું નવું...
હાથમાં... નવું નવું...

ઊંચ-નીચનો ભેદ ન રાખે, સર્વેને શીખવે સમાન, (૨)
દરેકનો પ્રશ્ન સાંભળવા રાખે છે એ સરવા કાન. (૨)
ગુરુનું પદ શોભાવી જગમાં એ મહાન છે, (૨)
નવું નવું...
હાથમાં... નવું નવું...
વંદે ગુરુવે વંદે ગુરુવે. (૪)

## સૌથી મોટો કારીગર

(રાગ : આંગણેથી નીકળી ચાલ્યો કે રૂપિયો આવ્યો બજારમાં)

જેની તુલનામાં કોઈ ન આવે, સર્જનહાર મોટો કારીગર,
એ તો અવનવાં સ્વરૂપો બનાવે, સર્જનહાર મોટો કારીગર.

આપણું સર્જન કરી બુદ્ધિ પણ દીધી,
એના થકી ઘણાં કામ કરાવે, સર્જનહાર મોટો કારીગર.

પશુઓની જાતમાંયે અનેક ઘાટ ઘડયા,
એના થકી પણ ઘણું શીખડાવે, સર્જનહાર મોટો કારીગર.

કોઈને ઊડાડયા, તો કોઈને તરાવ્યા,
એતો કોઈને પેટે સરકાવે, સર્જનહાર મોટો કારીગર.

જ્યાં જેવી જરૂર લાગી, દુનિયા એવી રચી,
સૌને જુદા-જુદા નાચ નચાવે, સર્જનહાર મોટો કારીગર.

ધાર્યું એનું થાય, એને કોઈ ન બદલી શકે,
એતો સૌ ઉપર પ્રભાવ જમાવે, સર્જનહાર મોટો કારીગર.



અભ્યાસક્રમમાં સહઅભ્યાસિક
સાહિત્ય તરીકે ઉપયોગી બને એવાં
જુદા-જુદા **વ્યવસાયકારો**નો પરિચય આપતાં બાળગીતો...

# અમે તો કારીગર

- 'સાગર' રામોલિયા